
## જન્મદિને વધામણી



**એચ બી વરિયા**
(૫-૮-૧૯૪૮)
સમાજસેવક અને સલાહકાર
જાગૃત નાગરિક પરિષદ
આત્મન્ ફાઉન્ડેશન



**મહેન્દ્રભાઈ રાઠોડ**
(૫-૮-૧૯૫૧)
આંતરિક ઓડિટર
ગાંધીનગર સાહિત્ય સભા
મહામંત્રી
ગાંધીનગર લેબર કોન્ટ્રાક્ટર
એસોસિએશન

# ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલના કાર્યકારી પ્રમુખપદે ગાંધીનગરના હસમુખ મૅકવાનની વરણી

## કાર્યકારી ઉપપ્રમુખ તરીકે નડિયાદના હસમુખ વાઘેલા વરાયા

ગાંધીનગર, તા. ૪

ગુજરાતી ક્રિશ્ચિય પ્રેસ કાઉન્સીલના કાર્યકારી પ્રમુખ તરીકે ગાંધીનગરના નાગરિક હસમુખ મૅકવાનની વરણી કરવામાં આવી છે.

ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલ ગુજરાતભરના તમામ ખ્રિસ્તી સંપ્રદાયોના જાગૃત અને કર્મશીલ સાહિત્યકારો તથા પત્રકારોની સંસ્થા છે. આ સંસ્થા દ્વારા સાહિત્યકારો તેમજ પત્રકારોની ઓળખ સહુ કોઈ સુધી પહોંચે તેમજ તેમના જ્ઞાન અને સાહિત્યકલાનો વારસો સહુને સદા મળતો રહે તે માટે કાર્યરત છે.



હસમુખ મેકવાન

તાજેતરમાં ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલની કારોબારી તેમજ સલાહકારોની એક બેઠક ક્રાઈસ્ટ ધી કિંગ ચર્ચ, નડિયાદ મુકામે યોજાઈ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ ફાધર અંતોન મૅકવાન વધુ અભ્યાસાર્થે વિદેશ જવાના હોઈ તેમજ ઉપપ્રમુખ કે પી રાજભારતી સામાજિક કારણોસર વિદેશ જવાના હોઈ કારોબારી તેમજ સલાહકારોએ સંસ્થાને કાર્યરત રાખવા કાર્યકારી પ્રમુખ તરીકે હસમુખ મૅકવાન તથા ઉપપ્રમુખ તરીકે હસમુખ વાઘેલાની સર્વાનુમતે વરણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા આગામી દિવસોમાં સાહિત્યિક કાર્યક્રમ ગાંધીનગર ખાતે કરવા માટે આયોજનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# નાગરિક સંરક્ષણ એકમના વૉર્ડન હૅમ રેડિયોની તાલીમથી સજ્જ થયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમના વૉર્ડન હેમ રેડિયોની તાલીમથી સજ્જ થયા છે. ચીફ વૉર્ડન અરૂણ બુચ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર નાગરિક સંરક્ષણ દળના અધિકારીઓ અને વૉર્ડન્સ વિવધલક્ષી પ્રવૃત્તિો અને તાલીમો પ્રાપ્ત કરી સજ્જ થઈ રહ્યા છે તેના ભાગરૂપે 'યોગ દિવસ' પ્રસંગે યોગાસનોની તાલીમ તેમણે મેળવી હતી, તેટલું જ નહીં, રાજય સરકારના મુખ્ય કાર્યક્રમોમાં પણ તેઓ સહભાગી બન્યા હતા.

જ્યારે સંદેશાવ્યવહારનાં તમામ સાધનો કામ કરતાં બંધ થાય ત્યારે આફતગ્રસ્ત વિસ્તાર અને રાહત કામગીરી કરતી સરકાર અને વિભાગો સાથે સતત સંપર્ક બનાવી રાખવા માટે હેમ રેડિયોનો ઉપયોગ થતો હોય છે અને તેની તાલીમ લેવી અતિ આવશ્યક હોય છે. ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમના વૉર્ડન દિક્ષિત પટેલ, અંજના નિમાવત અને કૌશલજી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાલેરા અને સિવિલ ડિફેન્સ ઈન્સ્પેક્ટર શ્રી રાઠોડના માર્ગદર્શન હેઠળ તાલીમબધ્ધ થયા છે.

આ જ રીતે અગાઉ પણ તરવા, પાણીમાં બચાવ વિગેરેની તાલીમ પણ આપવામાં આવી હતી. માર્ગસલામતિમાં પણ તાલીમબધ્ધ વૉર્ડન્સ હાલમાં પણ સેવા આપી રહ્યા છે. એટલું જ નહીં, ફાયર ફાઈટીંગની તાલીમ લઈ સહાય કરી રહ્યા છે. આમ, ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ સફાઈઝૂંબેશ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ રસ લઈ સમયાંતરે એકત્રીત થઈ પરામર્શ કરી એકમને ધબકતું રાખી રહ્યા છે. ગત મહિનાના છેલ્લા શુક્રવારે પણ એકમની બેટક મળી હતી, જેમાં મોટી સંખ્યામાં વૉર્ડન્સ અને પદાધિકારીઓએ મળી નાગરિક સંરક્ષણ એકમ દ્વારા વિવિધ કામો અને પ્રવૃત્તિઓ હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો.

# સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત જે બી પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોના સહિયારા પ્રયાસથી ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. આ સાથે દરેક વિદ્યાર્થીએ શાળાના શિક્ષકોને શ્લોકોનાં મધુર ગાન સાથે શિષ્યભાવે સ્વપ્રયત્ને તૈયાર કરેલ પુષ્પગુચ્છ સહ કુમકુમ તિલક અને આરતી સાથે ગુરુપૂજન કરી ગુરુના આશીર્વાદ મેળવ્યા હતા.

વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શાળામાં ફૂલછડી મેકીંગ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ધોરણ-૬થી ૮ના ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાથે યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં યુવરાજ આર નંદનવાર, દેવમ ડી પ્રજાપતિ, લક્ષ એચ પટેલ અનુક્રમે વિજેતા જાહેર થયા હતા. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર પૅન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ગુરુવારે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર પૅન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૬ ઑગષ્ટ ને ગુરુવારના રોજ સ્વસ્તિક કૉમ્પલેક્સ, બીજે માળ, સૅક્ટર-૨૨ ખાતે સાંજે ૪ કલાકે મળશે. આ બેઠકનું અધ્યક્ષસ્થાન સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના શોભાવશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા-વિચારણા કરવામાં આવશે તેથી સંસ્થાના સર્વ પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ આ બેઠકમાં અચૂક ઉપસ્થિત રહેવું એવો અનુરોધ સંસ્થાના પ્રવરમંત્રી ડી પી સંઘાણી દ્વારા કરવામાં આવ્યો છે.

# રિયુનિયન ઑફ ઓલ્ડ ફ્રેન્ડ્સ





ફ્રેન્ડશીપ ડેની ઉજવણી નગરમાં દરેકે પોતાની આગવી રીતે કરી હતી. કેટલાકે રેસ્ટોરન્ટમાં પાર્ટી યોજી હતી તો કેટલાક યુવાનોએ સેવા કાર્યો હાથ ધર્યા હતા. ફ્રેન્ડશીપ ડેના દિવસે વધુ એક ચલણ નગરમાં જોવા મળ્યું હતું જૂના દસ્તારોનું રી-યુનિયન... સે-૨૩ની આ.સી. પટેલ વિદ્યાલયમાં ભણી ચુકેલા ૧૦ વિદ્યાર્થીઓએ બેંક ઓફ બરોડા સામેના સેન્ટ્રલ વિસ્ટા પાર્કમાં રી-યુનિયન યોજયું હતું. જેમાં હાલ મુંબઈ, અમદાવાદ, ગોધરા, ગાંધીનગર વગેરે શહેરોમાં સ્થાયી થયેલા યુવાનો છેલ્લે વર્ષ ૨૦૦૮માં ધો-૧૨ કોમર્સના વર્ગમાં સાથે ભણીને છુટા પડયા હતાં. આ યુવાનોમાં કોઈ આઈટી કંપનીમાં છે તો કોઈ સરકારી કર્મચારી કે પ્રાથમિક શિક્ષક છે. રવિવારે બપોરે ૩ વાગે યોજાયેલા આ રી-યુનિયનમાં ઝલક દવે, દિશા દવે, પલક દવે, ઉપેન્દ્ર ઝાલા, વિવેક પરમાર, વિરાટ પરમાર, ધવલ ભટ્ટ, જૈતુન, ધર્મેન્દ્ર વગેરેનો સમાવેશ થાય છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં જ્ઞાન સર્જનની પ્રવૃત્તિઓનો સંચાર કરવાનું દાયિત્વ નિભાવવું જોઈએ

## ઍચ કે આર્ટ્સ કોલેજના હીરક મહોત્સવ સમારોહમાં રાજ્યપાલશ્રીનું સંબોધન

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં જ્ઞાન સર્જનની પ્રવૃત્તિઓનો સંચાર કરવાનું અને સર્જિત જ્ઞાનને આગળ પ્રવાહિત કરવાનું મહત્વપૂર્ણ દાયિત્વ નિભાવવાનું છે અને ઉચ્ચ શિણ સંસ્થાઓએ આ કાર્યને પ્રેરિત કરવાની અગત્યની ભૂમિકા અદા કરવાની છે. શ્રી ઓ.પી. કોહલીએ આજે અમદાવાદમાં શ્રી એચ.કે. આર્ટસ કોલેજના હીરક મહોત્સવ પ્રસંગે યોજાયેલ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતુ કે એવી બે સંસ્થાઓ છે કે આપણી સંસ્કૃતિને નષ્ટ થતી બચાવે છે. જેમાં એક છે - કુટુંબ સંસ્થા જે પૂર્વજોથી અવતરીત આપણી સંસ્કૃતિ કે જીવન ધારાને વર્તમાનમાં જીવંત રાખે છે. તેને નષ્ટ થતી બચાવે છે અને બીજી સંસ્થા છે - શિક્ષણ સંસ્થા કે ગુરૂકુળ જે સંસ્કૃતિને નિરંતર પ્રવાહિત રાખે છે તેને સુકવા દેતી નથી. જો આ બન્ને સંસ્થાઓ તેમના કર્તવ્યોનું પાલન કરવામાં અસમર્થ નિવડે તો સંસ્કૃતિનો પ્રવાહ અવરોધાય અને અંતે તે નષ્ટ થવાની અણી પર આવી જાય. આથી, સંસ્કૃતિનો પ્રવાહ અટકે નહી અને તે નિરંતર પ્રવાહિત રહે તે જોવાનું કાર્ય શિક્ષણ સંસ્થાઓનું છે, એમ તેમણે ઉમેર્યું હતું. રાજયપાલશ્રીએ શ્રી એચ.કે. આર્ટસ કોલેજ જ્ઞાન સર્જનનું કાર્ય કરી રહી છે, તેને આવકારી સંચાલકોને અભિનંદન આપ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે આ કાર્ય ભવિષ્યમાં પણ નિષ્ઠાભાવનાથી થતું રહેશે. રાજયપાલશ્રીએ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ આઈ.એ. એસ. અને આઈ.પી.એસ.ની પરીક્ષાઓમાં સફળ થયા છે, તેમનું સન્માન કર્યું હતું. સન્માનિત થયેલાઓમાં આઈ.એ.એસ. ની પરીક્ષામાં સફળ થયેલા શ્રી પ્રદીપસિંહ સક્તાવત, સુરેન્દ્રનગરના પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્ર અશારી તથા મોરબીના પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્ર અસારી તથા મોરબીના પોલીસ અધિક્ષક શ્રી રાજન સુસરાનો સમાવેશ થાય છે.

૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. રવિન્દ્ર ખાંડવાલા તથા ડૉ. ધર્મિષ્ઠા ગોહિલ દ્વારા સંપાદિત પુસ્તકોનું રાજયપાલશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું છે. જાણીતા કવિ શ્રી ચીનુ મોદી, નામાંકિત કવિ શ્રી હર્ષદેવ માધવ, કવિ સુલ્તાન એહમદ, કવિ સાદિકનૂર પઠાણ અને કવિ ગોવર્ધન બંજારાએ સુંદર કવિતાઓ પ્રસ્તુત કરી હતી. આરંભમાં આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે કોલેજની શૈક્ષણિક પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી.

આ સમારોહમાં જાણીતા સ્થપતિ અને કોલેજ ટ્રસ્ટના પ્રમુખ પદ્મશ્રી બાલકૃષ્ણ દોશી ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દૃશ્યમ
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
દૃશ્યમ
૧૨.૧૫
બજરંગી ભાઈજાન
૩.૩૦, ૧૦.૧૫
બાહુબલિ
૬.૪૫

**સ્ક્રીન-૩**
પિક્સેલ (અંગ્રેજી, ૩ડી)
૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫
બાહુબલિ
રાત્રે ૧૦.૧૫
બજરંગી ભાઈજાન
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૪.૦૦, ૧૦.૧૫
મસાન (એ)
૭.૧૫

**સ્ક્રીન-૫**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦, ૭.૦૦
બાહુબલી

## વિદ્યાર્થીઓને 'કીક ડે'ની ઉજવણી કરતા રોકાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની એક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગઈકાલે 'સ્લૅપ ડે'ની કરેલી ઉજવણીથી ચેતી ગયેલા સ્કૂલ તંત્રએ આજે વિદ્યાર્થીઓ 'કીક ડે' મનાવે તે પહેલાં જ તેમની ઉપર ડારો બોલાવી આ ઉજવણી રોકી લીધી હતી. દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓએ આજે 'સ્લૅપ ડે'ની ફરિયાદ વ્યક્ત કરી હતી.

# વૉટ્સઍપ ઉત્સવ... 'ગમે તે ગઝલ' ગૃપનો લાગણીભીનો શબ્દોત્સવ




> 'અફાટ છું, અગાધ છું, રહસ્ય છું, અભેદ છું, અસિમીત છું, અવિરત છું, કારણ કે હું પુરુષ છું'

> 'આજે તો બસ મળવું છે, ઝરણું થઈને ભળવું છે, ઉપરથી સાવ શાંત બનીને, અંદરથી ખળભળવું છે'

હૃદયની વાત... શબ્દો સંગાથ... ગુજરાતી સાહિત્યના સર્જકો અને ભાવકો દ્વારા બનેલા વૉટ્સઍપ ગૃપના મિત્રોએ એમના ગૃપના પ્રથમ જન્મદિવસે ગુજરાતી ગીત-ગઝલની શાનદાર મહેફિલ સજાવી : પતિ-પત્ની, બાપ-દીકરી, દાદી-પૌત્રી જેવા સંબંધો સાથે એક જ ગૃપમાં રહેતા આ સભ્યોએ ટૅકનોલૉજીનો સદુપયોગ કરતો શ્રેષ્ઠ દાખલો સમાજમાં બેસાડ્યો.

વૉટ્સઍપ ઉત્સવ... ટૅકનોલૉજીના આવિષ્કારનો લાગણીભીનો સદુપયોગ કેવી રીતે કરી શકાય ? એ તો કોઈ 'ગમે તે ગઝલ' ગૃપ પાસેથી શીખે... માત્ર એક જ એજન્ડા, ગુજરાતી સાહિત્ય, એમાં ગદ્ય-પદ્ય બધું આવે... હિન્દી, અંગ્રેજી, જૉક્સ, ઈતર માહિતી, ગૂડ મૉર્નિંગ, જયશ્રી કૃષ્ણ કશું જ નહીં, એ બધા પર સજ્જડ પ્રતિબંધ... ગૃપના સભ્યો લગભગ એકબીજાથી અનજાન... ગૃપના પ્રથમ જન્મ દિવસની ઉજવણી અને એ પણ ગુજરાતી ગીત-ગઝલની મહેફિલ સાથે... અદ્‌ભૂત વિચાર અને એટલું જ ચરિતાર્થ...

'આજે તો બસ મળવું છે, ઝરણું થઈને ભળવું છે, ઉપરથી સાવ શાંત બનીને, અંદરથી ખળભળવું છે...' ગૃપના ઍડમિન ડૉ. મુકેશ જોષીએ બિલકુલ ભાવવાહી શરૂઆત કરાવી... ઑગષ્ટનો પ્રથમ રવિવાર, ફ્રેન્ડશીપ ડે, બીજી ઑગષ્ટ એટલે ગાંધીનગરનો જન્મદિવસ એવા સુભગ સમન્વયમાં આકાશવાણીમાં મધુરો અવાજ રેલાવતી નેહલ ગઢવી અને ગુજરાત સરકારના શિરમોર સમાન 'ગુજરાત' દિપોત્સ્વીના સંપાદક પુલક ત્રિવેદી કાર્યક્રમનું સંચાલન કરે એટલે જાણે ગુજરાતના બધા લબ્ધપ્રતિષ્ઠિત સર્જકોની વાતો અને પંક્તિઓ અસ્ખલિત પ્રવાહમાં વહેતી રહે...

'તમે એક ક્ષણને ઉઠાવી અચાનક, અને એને દરીયો બનાવી અચાનક! સવારે મળીશું કહીને તમે તો, જતી રાત ઊભી રખાવી અચાનક!' સાથે ડૉ. મનોજ જોશી 'મન' મન મુકીને વરસવા છેક જામનગરથી પધાર્યા... આ કાર્યક્રમના બૅનરમાં 'શબ્દોત્સવ' અને ફુલોના ગુલદસ્તાનો વૉટ્સઍપ સિમ્બૉલ અનોખું વાતાવરણ ઊભું કરતો હતો.

'ગમે તે ગઝલ'ના ૭૦ સભ્યો પૈકી ૪૫ સભ્યો એમના પરિવાર સાથે ઉપસ્થિત હતા. મજાની વાત એ હતી કે એમાં મુંબઈ, વલસાડ, સુરત, રાજકોટ, જામનગર, પાલનપુર, ઈન્દોર, અમદાવાદથી સભ્યો પધાર્યા... ગાંધીનગરના સભ્યોએ તો આ પ્રસંગને આવકારવા તડામાર તૈયારી કરી... સરકારમાં ઉચ્ચ અધિકારી એવાં ભૂપતાસિંહ ચાવડા, રવિ સોલંકી, જ્વલંત ત્રિવેદી, જી બી ઉપાધ્યાય, પંકજ ગાંધી જેવા ભાવકો પોતાના આંગણે માંડવો સમજી તડામાર તૈયારી કરી ચૂકેલા...

દિપ પ્રાગટ્યમાં પ્રસિદ્ધ કવિઓની સાથે ગૃપના યુવા કૉલેજીયન કવિ ભરત મકવાણાને સામિલ કરી સાહિત્યની જ્યોત પ્રજ્વલિત રાખવાનો નવો સંકલ્પ થયો... ફ્રેન્ડશીપ ડે સૅલિબ્રેટ કરવા ઉપસ્થિત સૌને ફ્રેન્ડશીપ બેલ્ટ પણ બંધાયો... અમદાવાદથી આવેલા ભાવેશ પટણી 'બેસુમાર' 'લાયા ભાઈ લાયા' કવિતાથી તો રંગ જમાવી ગયા...




ગાંધીનગરના તબીબ ડૉ. ધૈવત શુક્લએ હૃદયભીની રચનાથી સૌને મોહી લીધા... ઉપસ્થિત સૌનો પરિચય, વિધિની સાથે એમના પરિવારનો પરિચય એ બિલકુલ લાગણી નીતરતો ઉપક્રમ બની ગયો. 'યુધ્ધ લડવા કાયમી તૈયાર છું હું તો, મારી સાથે કૃષ્ણ જેવા સારથી આવે' એવી ચોટદારરજૂઆત રાજકોટના કવિ પારસ ઍસ હેમાણીએ કરી, એમનો મોહક ચહેરો અને લઘુકાવ્યો ઑન ડિમાન્ડ રહ્યાં...

આ ગૃપના વરિષ્ઠ સભ્ય અનિલાબોનો ગૃપના ઍડમિનનું શાલ ઓઢાડી સન્માન કર્યું અને એમની પોતાની અછાંદસ કૃતિઓ પણ રજૂ કરી... અમદાવાદના સર્જન ડૉ. હિતેશ પટેલે એમના મહેસાણી લહેકામાં હળવી વાતો કરીને સૌને ખડખડાટ હસાવ્યા. ગુજરાત સાહિત્ય અકાદમીના ડૉ. કનૈયાલાલ ભટ્ટે 'મુંબઈની છોકરી' અને 'બસમાં છોકરીની બાજુમાં એક છોકરો અડીને બેઠો' જેવી રચનાઓથી ભરપૂર દાદ મેળવી લીધી...

નામી કવિઓની શાનદાર રજૂઆત બાદ ગૃપના ઓછા જાણીતા સર્જકોએ પછીનો દોર ચલાવ્યો... ગૃપના એક સભ્યએ ગાંધીનગરના જન્મદિવસ નિમિત્તે ગઝલ સંભળાવી 'અહીં જન્મ્યો, અહીં ઉછર્યો, માન-મરતબો-સન્માન પામ્યો, આ નગર વિશે ઘસાતું બોલે, દિલ પર તીક્ષ્ણ પ્રહાર લાગે!' સાથે શહેર પ્રત્યેનો પ્રેમ જતાવ્યો... રવિ સોલંકીની કન્યા વિદાય સોનેટ, સુનીલકુમાર આય.એ.ઍસ.ની શીઘ્ર રચનાઓ એટલી જ જાનદાર રહી...

એક સાથે મળેલા ૪૩ સભ્યોનો પછી તો ગૃપ ફોટો લેવાયો, ફોટાની નીચે નામ લખાવવાની સિસ્ટમને કલ્ચરલ ફૉરમના ઉદ્‌ઘોષક હિરેન ભટ્ટે દિલથી બિરદાવી.. મૅડિકલ ઍસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણે કવિ અનિલ જોષીની કન્યા વિદાયનું ગીત અને એનો આસ્વાદ કરાવ્યો... 'બધીર અમદાવાદી'ના ઉપનામથી જાણીતા રક્ષિત પંડિતે એમની હળવી શૈલીની વાતોથી રમૂજ કરાવી... રાજલ સણાથરાએ તાજી રચના તો પંકજ ગાંધીએ ગુજરાતી વિષયમાં સો માર્ક લાવવાની હિમાયત સાથે ગુજરાતીના ગુણગાન ગાયાં...

ગાંધીનગરના જાણીતા ઍનેસ્થેટિક ડૉ. જયેશ શાહે એમની પ્રથમ કૃતિ 'અફાટ છું, અગાધ છું, રહસ્ય છું, અભેદ છું, અસિમીત છું, અવિરત છું, કારણ કે હું પુરુષ છું'ની ધારદાર રચના અને છટાદાર રજૂઆતે બધામાં રહેલા પુરુષને જાગૃત કરી દીધો... પ્રથમ રચના અને રજૂઆત છતાં આને વન્સમોર મળ્યો અને ઉપસ્થિત સૌ નામી કવિઓએ એમને મનભરીને પોંખ્યા...

'ગમે તે ગઝલ' ગૃપની સૌથી નાની સદસ્ય આસ્થા કે જે એની મૅડિકલની ઍક્ઝામને કારણે આવી ન શકી એણે મોબાઈલ પર પોતાની રચના પ્રસ્તુત કરી દાદ મેળવી. હમણાં એને પારિતોષિક પણ મળ્યું છે અને એ પોતાનો બ્લૉગ ચલાવે છે... આ ગૃપની સૌથી સશક્ત કડી એટલે પતિ-પત્ની, બાપ-દીકરી, દાદી-દીકરો-પૌત્રી જેવા સંબંધોથી જોડાયેલા સભ્યો છે અને એટલે એની ગરિમા જળવાય છે... આજે વૉટ્સઍપ પાસવર્ડ ાપીને વપરાય છે, એવામાં પારિવારિક ભાવના સાથે સાહિત્યનો પ્રચાર-પ્રસાર અને આનંદ મેળવાય એ અદ્‌ભૂત ઘટના છે...

ગૃપની અંદર ગૌરવી, કૃતિ, શ્રધ્ધા, નાઝનીન, ડૉ. તરજુ, આસ્થા, મયુર, રાજલ, ડૉ. ધ્વનિ, ડૉ. વિવેક જેવી નૅક્સ્ટ જનરેશન છે તો પરિવારનો ભાર ઉપાડી નિજાનંદ માણતાં ફાલ્ગુનીબેન, સ્વાતિબેન, કાશ્મિરાબેન, નીતાબેન, દિપ્તીબેન છે... રોજ સવારે જીવન જીવવાનો અર્ક પીવડાવતી 'આજની વાર્તા' લઈને અતુલ પટેલ હાજર હોય છે... સારી રચનાઓ મૂકવી અને એને દાદ આપવી, સર્જકોને માણવા, નવોદિતોને પ્રોત્સાહિત કરવા એ જ મૉટીવ સાથે સૌ સક્રિય...

આ કાર્યક્રમ આમ તો ગુજરાતી સાહિત્યની ચર્ચાનો હતો પણ એક સાડા પાંચ વર્ષની નાનકડી અનન્યાએ હિન્દી જુના ગીતોની મેડલી રજૂ કરી સૌને એકદમ મોહી લીધા... ગૃપના સભ્ય ડૉ. દર્શન શાહ જે એક અચ્છા ફોટોગ્રાફર છે એમણે સૌના હાવભાવ ઝીલીને કચકડે મઢી લઈ સાહિત્યકારોના અસલ મૂડને પ્રગટ કર્યો... કાર્યક્રમમાં અંતિમ ચરણમાં ફરી સૌ નામી કવિઓની રચનાઓ માણી, ગૃપ ફોટો મોમેન્ટો તરીકે આપી, એક લાગણીસભર-ભાવવિભોર કાર્યક્રમ દિલમાં સમાવી સૌ છૂટા પડી ગયાં એક સાહિત્યની ઉપાસનાના સંકલ્પ સાથે..

સાહિત્યના ભંડારને દિલમાં ઉતારી એનો કેફ ચઢાવતાં પુલક ત્રિવેદીએ છ કલાકના આ કાર્યક્રમને ભાવ-લાગણીથી ભરીને સાચા અર્થમાં 'શબ્દોત્સવ' બનાવી દીધો... ડૉ. મુકેશ જોષીની લાઈન સાથે જ અસ્તુ કરીએ... 'અહીં નમવાના સિધ્ધાંતોમાં થોડું આજે ચળવું છે, સૂરજની જેમ ઉગવા માટે બસ મારે તો ઢળવું છે, આજે તો બસ મળવું છે...'